# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-02-2025** **Evening: 7.50 TO 8.00**
**Day :THURSDAY** **National News**

### આકાશવાણી સમાચાર **હીના મોદી** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં NDAના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓની બેઠક યોજાઈ

2) દિલ્હીનાં મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું, સરકાર વિકસિત દિલ્હીના મિશન પર કામ કરશે .

3) ગુજરાત વિધાનસભામાં વર્ષ 2025-26નું 3 લાખ 70 હજાર 250 કરોડના કદવાળું અંદાજપત્ર રજૂ કરાયું

4) માહિતી અને પ્રસારણ મંત્રાલયે OTT પ્લેટફોર્મ માટે માર્ગદર્શિકા જાહેર કરી

5) ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં બાંગ્લાદેશે ભારતને જીતવા 229 રનનો લક્ષ્યાંક આપ્યો

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM NDA CM MEEITNG

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં NDAના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓની બેઠકની અધ્યક્ષતા કરી. આ બેઠકમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહ, રાજનાથ સિંહ અને જેપી નડ્ડા પણ ઉપસ્થિત રહ્યા હતા. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રીઓ એકનાથ શિંદે અને અજિત પવાર, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ અને નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણ, ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી વિરેન્દ્રસિંહ જાડેજા, ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય, બિહારના નાયબ મુખ્યમંત્રી વિજય સિંહા આ બેઠકમાં જોડાયા હતા.

# PM-MIZORAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મિઝોરમના લોકોને તેમના રાજ્ય સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે વાઇબ્રન્ટ રાજ્ય તેના આકર્ષક ભૂ-દ્રશ્યો, પરંપરાઓ અને તેના લોકોની હૂંફ માટે જાણીતું છે. તેમણે ઉમેર્યું હતું કે મિઝો સંસ્કૃતિ વારસા અને સંવાદિતાનું સુંદર મિશ્રણ દર્શાવે છે. પ્રધાનમંત્રીએ ઈચ્છા વ્યક્ત કરી હતી કે મિઝોરમ રાજ્ય સમૃદ્ધ થતું રહે અને તેની શાંતિ, વિકાસ અને પ્રગતિની યાત્રા આવનારા વર્ષોમાં વધુ ઊંચાઈઓ સુધી પહોંચે.

# DELHI CM CHARGE

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આજે દિલ્હી સચિવાલયમાં પદભાર સંભાળ્યો હતો. મુખ્ય સચિવ ધર્મેન્દ્ર કુમાર અને અન્ય અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું. ચાર્જ સંભાળ્યા બાદ શ્રીમતી ગુપ્તાએ કહ્યું કે રાજ્ય સરકાર વિકસિત દિલ્હીના મિશન પર સતત કામ કરશે.

**(બાઇટ: રેખા ગુપ્તા)**

અગાઉ, પ્રથમ વખત ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય રેખા ગુપ્તાએ આજે રાષ્ટ્રીય રાજધાનીના રામલીલા મેદાનમાં નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. દિલ્હીના ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેનાએ શ્રીમતી ગુપ્તા અને છ કેબિનેટ મંત્રીઓને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. કેબિનેટ મંત્રીઓમાં પ્રવેશ વર્મા, આશિષ સૂદ, મનજિંદર સિંહ સિરસા, રવિન્દર ઈન્દ્રરાજ સિંહ, કપિલ મિશ્રા અને પંકજ કુમાર સિંહનો સમાવેશ થાય છે. શપથ ગ્રહણ સમારોહ બાદ પ્રવેશ વર્માએ કહ્યું કે કેન્દ્ર સરકારની તમામ યોજનાઓ દિલ્હીમાં લાગુ કરાશે.

**(બાઇટ: પ્રવેશ વર્મા )**

સુષ્મા સ્વરાજ, શીલા દીક્ષિત અને આતિશી પછી રેખા ગુપ્તા દિલ્હીના ચોથા મહિલા મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના બીજા મહિલા મુખ્યમંત્રી છે.

# BHUTAN PM VISIT

ભૂટાનના પ્રધાનમંત્રી શેરિંગ તોબગે ભારતની ત્રણ દિવસીય મુલાકાતે આજે નવી દિલ્હી પહોંચ્યા હતા. શ્રી તોબગે તેમની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે. તેઓ આવતીકાલે SOUL લીડરશીપ કોન્ક્લેવમાં પણ મુખ્ય વક્તા તરીકે ભાગ લેશે. વિદેશ મંત્રાલયે કહ્યું કે આ મુલાકાત ભારત અને ભૂટાન વચ્ચે મિત્રતા અને સહયોગના સંબંધોને વધુ મજબૂત બનાવશે.

# GUJARAT BUDGET

ગુજરાતમાં, રાજ્યના નાણામંત્રી કનુ દેસાઈએ આજે વિધાનસભામાં 3 લાખ 70 હજાર 250 કરોડના ખર્ચ સાથેનું વર્ષ 2025-26નું રાજ્યનું બજેટ રજૂ કર્યું હતું. 2047 સુધીમાં વિકસિત ગુજરાતના વિઝનને સાકાર કરવા માટે નાણામંત્રીએ આગામી 5 વર્ષ માટે 50 હજાર કરોડનું વિકસીત ગુજરાત ફંડ સ્થાપવાની જાહેરાત કરી હતી.મિડિયાને સંબોધતા શ્રી દેસાઈએ જણાવ્યું હતું કે સુરત ઈકોનોમિક રીજીયન (SER)ની તર્જ પર અમદાવાદ, વડોદરા, રાજકોટ, કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારોનો વિકાસ રાજ્યનો આર્થિક વિકાસ સાધવા માટે કરવામાં આવશે. રાજ્ય સરકારે ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરિડોર હેઠળ 1367 કિલોમીટરના 12 નવા હાઈસ્પીડ કોરિડોર બનાવવાની પણ જાહેરાત કરી હતી.

# HM-NORTHEAST (EARLY)

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે કહ્યું કે વર્ષ 2014થી અત્યાર સુધીમાં ઉત્તરપૂર્વના લગભગ 10 હજાર 500 યુવાનો હથિયારો સમર્પણ કરી મુખ્ય પ્રવાહમાં જોડાયા છે. નવી દિલ્હીમાં આસામ રાઈફલ્સ દ્વારા આયોજિત એકતા ઉત્સવ - વન વોઈસ, વન નેશનને સંબોધિત કરતા શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતું. શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર ભારતમાં ઉત્તર પૂર્વની ઓળખને અષ્ટલક્ષ્મી તરીકે સ્થાપિત કરીને એક નવો આયામ આપ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે આર્થિક અને સાંસ્કૃતિક વિકાસથી લઈને રમતગમત, શિક્ષણ, કૃષિ અને ઉદ્યોગસાહસિકતા સુધી દરેક ક્ષેત્રમાં પૂર્વોત્તરના યુવાનો માટે અમર્યાદિત તકોના દરવાજા ખોલવાનું કામ કરાયું છે. શ્રી શાહે ઉમેર્યું કે કેન્દ્ર સરકારે પૂર્વોત્તર માટે બજેટમાં ત્રણથી ચાર ગણી ફાળવણી કરી છે.

**(બાઇટ: અમિત શાહ )**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# OTT ADVISORY

માહિતી અને પ્રસારણ મંત્રાલયે ઓનલાઈન ક્યુરેટેડ સામગ્રી પ્રકાશક OTT પ્લેટફોર્મ અને OTT પ્લેટફોર્મની સ્વ-નિયમનકારી સંસ્થાઓ માટે એક માર્ગદર્શિકા જાહેર કરી છે. માહિતી ટેકનોલોજી નિયમો, 2021માં નિર્ધારિત ભારતના કાયદાઓ અને નૈતિક સંહિતાનું કડક પાલન સુનિશ્ચિત કરવા માટે આ માર્ગદર્શિકા જાહેર કરાઇ. મંત્રાલયે તેની માર્ગદર્શિકામાં નીતિશાસ્ત્રની સંહિતા હેઠળ નિર્ધારિત સામગ્રીના વય આધારિત વર્ગીકરણના કડક પાલન પર ભાર મૂક્યો હતો. તેણે OTT પ્લેટફોર્મની સ્વ-નિયમનકારી સંસ્થાઓને પ્લેટફોર્મ દ્વારા નૈતિક સંહિતાના ઉલ્લંઘન માટે યોગ્ય સક્રિય પગલાં લેવા જણાવ્યું. મંત્રાલયે મહિલા અભદ્ર પ્રતિનિધિત્વ અધિનિયમ, 1986, ભારતીય ન્યાય સંહિતા, 2023, જાતીય અપરાધોથી બાળકોનું રક્ષણ-POCSO અધિનિયમ, અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી અધિનિયમ, 2000ની જોગવાઈઓ પર પણ OTT પ્લેટફોર્મનું ધ્યાન માંગ્યું હતું જેમાં વાંધાજનક સામગ્રીનું પ્રકાશન છે.

# JAISHANKAR-SOUTH AFRICA

વિદેશ મંત્રી ડૉક્ટર એસ.જયશંકર જી-20 વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ પહોંચ્યા છે. આ બેઠકમાં ડૉ. જયશંકરની સહભાગિતા જી20 દેશો સાથે ભારતના જોડાણને મજબૂત કરશે અને આ મહત્વપૂર્ણ ફોરમમાં ગ્લોબલ સાઉથનો અવાજ મજબૂત કરશે.

દરમિયાન, ડૉ. જયશંકરે બ્રાઝિલના વિદેશ મંત્રી મૌરો વિયેરા સાથે મુલાકાત કરી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ડૉ. જયશંકરે કહ્યું, તેઓએ દ્વિપક્ષીય સંબંધો અને વૈશ્વિક વિકાસ પર ચર્ચા કરી. શ્રી જયશંકરે સિંગાપોરના વિદેશ મંત્રી વિવિયન બાલક્રિષ્નન સાથે પણ મુલાકાત કરી હતી. તેમણે કહ્યું કે, મુલાકાત દરમિયાન તેઓએ વિશ્વની સ્થિતિ અને દ્વિપક્ષીય સંબંધોને આગળ વધારવાના કામ અંગે ચર્ચા કરી.

# PILOT-EPL LAUNCH

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન કે રામમોહન નાયડુએ આજે નવી દિલ્હીમાં પાઇલોટ્સ માટે ઇલેક્ટ્રોનિક પર્સનલ લાઇસન્સ-EPL લોન્ચ કર્યું, જે પાઇલોટ્સ માટે લાયસન્સ અને રિન્યુઅલ પ્રક્રિયાને સરળ બનાવશે અને વધુ સારી સુવિધા પ્રદાન કરશે. આ પ્રસંગે શ્રી નાયડુએ કહ્યું કે, ભારત પાઇલોટ માટે EPL શરૂ કરનાર વિશ્વનો બીજો દેશ બન્યો છે. શ્રી નાયડુએ ઉમેર્યું કે, EPL પાઇલોટ્સ માટે લાઇસન્સિંગ ઓળખપત્રોની વાસ્તવિક સમયની ઍક્સેસની ખાતરી કરશે.

# PM-INTERNSHIP SCHEME

પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના બીજા તબક્કાની શરૂઆત સાથે અરજીઓ માટે ખુલી ગઈ છે. પ્રથમ તબક્કામાં છ લાખથી વધુ અરજીઓ બાદ, બીજા તબક્કામાં દેશભરની ટોચની કંપનીઓમાં એક લાખથી વધુ ઇન્ટર્નશિપની તકો ઉપલબ્ધ છે. કોર્પોરેટ બાબતોના મંત્રાલયે જણાવ્યું કે, તેલ, ગેસ અને ઉર્જા, બેંકિંગ અને નાણાકીય સેવાઓ, મુસાફરી અને હોસ્પિટાલિટી, ઓટોમોટિવ સહિતના ક્ષેત્રોમાં 300થી વધુ કંપનીઓએ યુવાનોને તેમની રોજગાર ક્ષમતા વધારવા માટે ઇન્ટર્નશિપની તકો ઓફર કરી છે. બીજા રાઉન્ડમાં, દરેક અરજદાર ત્રણ ઇન્ટર્નશીપ એપ્લિકેશન માટે અરજી કરી શકે છે.

# CRICKET IND-BAN

ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં આજે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મેચ રમાઈ રહી છે. બાંગ્લાદેશે પ્રથમ બેટિંગ કરતાં ભારતને 229 રનનું લક્ષ્યાંક આપ્યું છે. છેલ્લા અહેવાલ પ્રમાણે ભારતના 18 ઓવરમાં 1 વિકેટે 94 રન થયા છે.

# CHIEF ECONOMIC ADVISER

દેશના મુખ્ય આર્થિક સલાહકાર ડૉ. વી. અનંત નાગેશ્વરનનો કાર્યકાળ માર્ચ 2027 સુધી બે વર્ષ માટે લંબાવવામાં આવ્યો છે. આ સંદર્ભે નાણાં મંત્રાલયે આજે આદેશ જારી કર્યો છે. ડૉ. વી. અનંત નાગેશ્વરને જાન્યુઆરી 2022માં મુખ્ય આર્થિક સલાહકાર તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો.